| તાપમાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૩.૦° સે. | ૧૫.૦° સે. |
| બારડોલી | ૩૪.૦° સે. | ૧૪.૦° સે. |
| ભરૂચ | ૩૩.૦° સે. | ૧૪.૦° સે. |
| વ્યારા | ૩૪.૦° સે. | ૧૪.૦° સે. |

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલી વકીલમંડળની ચૂંટણીમાં નીતિન પાટીલ પ્રમુખ પદે વિજેતા



બારડોલીઃ બારડોલી વકીલમંડળના હોદ્દેદારોની ચૂંટણી શુક્રવારે ઉત્સાહપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. કુલ 146 મતદારમાંથી 129 વકીલોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જ્યારે 17 મતદાર ગેરહાજર રહ્યા હતા. આ ચૂંટણીમાં સૌથી આકર્ષણનું કેન્દ્ર 92 વર્ષીય વયોવૃદ્ધ સિનિયર વકીલ ઋષિકેશ શાહ રહ્યા હતા, જેઓ આ ઉંમરે પણ મતદાન કરવા પહોંચ્યા હતા. પ્રમુખ પદ માટે નીતિનકુમાર રઘુનાથ પાટીલ (98 મત) વિજેતા થયા હતા. હરીફ ઉમેદવાર રાજેન્દ્ર દુબેને 30 મત મળ્યા હતા. ઉપપ્રમુખ પદ માટે પરિમલ ઠાકોરસિંહ સોલંકીનો 106 મત સાથે ભવ્ય વિજય મેળવ્યો હતો. જ્યારે મીનહાજ શેખને 22 મત મળ્યા હતા. સહમંત્રી તરીકે ચંદનલાલ ઘનશ્યામ શાહ (76 મત) વિજેતા જાહેર થયા હતા. જ્યારે હરીફ જતિનકુમાર પ્રજાપતિને 51 મત મળ્યા હતા. નોંધનીય છે કે, મંત્રી તરીકે મીતેશભાઈ વણકર, લાઇબ્રેરિયન તરીકે ચેતનકુમાર ભંડારી અને એલ.આર. તરીકે સેજલબેન ત્રિપાઠી બિનહરીફ ચુંટાયાં હતાં. જ્યારે ખજાનચીના પદ માટે કોઈ ફોર્મ ન ભરાતાં આ બેઠક ખાલી રહી છે. સમગ્ર પ્રક્રિયા ચૂંટણી કમિશનર કામેશ પટેલ, આસિસ્ટન્ટ કલ્પેશ રાઠોડ, રાકેશ પટેલ અને તેમની ટીમ દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

### પલસાણા તાલુકા બાર એસોસિએશનના હોદ્દેદારો ત્રીજી વખત બિનહરીફ

પલસાણાઃ પલસાણા તાલુકા બાર એસોસિએશનમાં વકીલોની એકતાનાં દર્શન થયાં છે. વર્ષ ૨૦૨૫-૨૬ની ટર્મ માટે યોજાયેલી ચૂંટણીમાં સળંગ ત્રીજી વખત સમગ્ર કારોબારી મંડળ સર્વાનુમતે બિનહરીફ જાહેર કરવામાં આવ્યું છે. એસોસિએશનના પ્રમુખ તરીકે પુનઃ યોગેશભાઈ જી.પટેલની વરણી કરવામાં આવી છે. અન્ય હોદ્દેદારોમાં ઉપપ્રમુખ તરીકે નવીનભાઈ જે.મોદી અને હર્ષદભાઈ એમ.શુક્લ, મંત્રી તરીકે ડાહ્યાભાઈ એસ.આઈ.પરમાર અને સહમંત્રી તરીકે રૂબીના વાય. મિરઝાની પસંદગી થઈ છે. ઉપરાંત ખજાનચી તરીકે પ્રકાશભાઈ આઈ.જોધપુરિયા અને લાઈબ્રેરીયન તરીકે કમલેશભાઈ એન.ઢીંમર બિનહરીફ ચુંટાયા છે. વકીલમંડળમાં વર્ષોથી જળવાયેલી આ પરંપરા અને પરસ્પર વિશ્વાસને કારણે તમામ સભ્યોએ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. નવનિયુક્ત બોડીએ વકીલોના હિતમાં અને ન્યાયિક પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવાના સંકલ્પ સાથે કાર્યભાર સંભાળ્યો છે.

### અંકલેશ્વર તાલુકા વકીલમંડળની ચૂંટણીમાં તમામ હોદ્દેદારો બિનહરીફ વરાયા



અંકલેશ્વરઃ અંકલેશ્વર તાલુકા વકીલમંડળની સને-૨૦૨૬ની ચૂંટણી બિનહરીફ રહી હતી. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન પ્રમુખ તરીકે કમલેશ ઝેડ. મોદી, ઉપપ્રમુખ એ.એ.પોખરીયાલ તથા આઈ.જી.શેખ, સેક્રેટરી એમ.એમ. સુફી, જોઈન્ટ સેક્રેટરી ભીમસિંહ કે.ચાવડા, ખજાનચી પરેશ પરમાર, લાઇબ્રેરિયન જસ્મીકા સી.ગુજ્જર, કારોબારી અધ્યક્ષ એ.એમ.દાણી તથા કારોબારી સભ્યોના પદ માટે આઈ.ડી.પટેલ, એન.આઈ.વકીલ, જે.વી. રાજ, યોગેન્દ્રસિંહ સોલંકી, મનીષ દીક્ષિત, રીટાબેન આર.વસાવા, રિંકીતા પરમાર, શૈલેષ ભગત અને આઈ.એ.મલેક બિનહરીફ નિયુક્ત થયા હતા.

### નેત્રંગ તાલુકા વકીલ બાર એસો.ની ચૂંટણીમાં પ્રમુખ પદે તેજસ ગાંધી વિજેતા બન્યા



નેત્રંગઃ નેત્રંગ તાલુકા વકીલ બાર એસોસિએશનની ચૂંટણી તા.૧૯ના રોજ યોજાઈ હતી, જેમાં પ્રમુખ પદે તેજશકુમાર ઉત્તમભાઈ ગાંધીનો ૧૨ મતે વિજય થયો હતો. ઉપપ્રમુખ પદે ચિરાગ અશ્વિનભાઇ પંચાલ, સેક્રેટરી પદે કૌશિકકુમાર ફતેસિંહ વસાવા, ખજાનચી પદે શીતલબેન સોમાભાઈ વસાવા અને એલ.આર. પદે સુલોચનાબેન હરેન્દ્રસિંહ દેશમુખ બિનહરીફ થતાં નવનિયુક્ત હોદ્દેદારોને સાથી વકીલમિત્રોએ અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

### ભરૂચ બાર એસોસિએશનના જંગમાં પ્રમુખ પદે પ્રદ્યુમન સિંધાનો વિજય થયો



ભરૂચઃ ભરૂચ બાર એસોસિએશનની ચૂંટણી શુક્રવારે કોર્ટ બિલ્ડિંગ ખાતે શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ છે. આ વર્ષે પહેલી વખત સહકાર, પરિવર્તન અને સમરસતા એમ ત્રણ પેનલ વચ્ચે ચૂંટણી જંગ જામ્યો હતો. વકીલ સૂત્રો દ્વારા પરિવર્તન અને સમરસતા બંને પેનલ ભાજપના આગેવાનો સંકળાયેલા છે. જ્યારે સહકાર પેનલ પોતાની અલગ ઓળખ સાથે મેદાનમાં છે. આ વખતે ચૂંટણીમાં કુલ 3 પેનલ ઊતરી છે. પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, ટ્રેઝરર તેમજ કમિટી સભ્યો મળી કુલ 16 બેઠક માટે કુલ 50 ઉમેદવાર મેદાનમાં ઊતર્યા હતા. બપોરે સવા ત્રણ વાગ્યા સુધી થયેલા મતદાનમાં બાર એસોસિએશનના કુલ 876 વકીલ મતદાર પૈકીના 755 મતદારે બેલેટ પેપરથી મતદાન કર્યું હતું. ચૂંટણીમાં કુલ 86.19 ટકા મતદાન થયું હતું. મતદાન બાદ મત ગણતરીની પ્રક્રિયા પણ શરૂ કરી દેવાઈ હતી. જો કે, પ્રક્રિયા મોડી રાત્રિ સુધી ચાલી હતી. શુક્રવારે સવારથી બપોર સુધીનું મતદાન થયા રાત્રે મત ગણતરી ચાલતાં સતત 12 વખત સહકાર પેનલના કર્ણધાર તરીકે પ્રદ્યુમનસિંહ સિંધા 53 મતની સરસાઈથી વિજેતા થયા હોવાની સૂત્રો દ્વારા માહિતી મળી છે.

# તસ્કરો ઘરમાં ઘૂસ્યા, પરિવારે બૂમો પાડતાં ભાગવું પડ્યું

**સાયણમાં** મકાનની બારી તોડતી વખતે જ દંપતી જાગી ગયું

**મોઢે** બુકાની બાંધી આવેલા ૭થી વધુ તસ્કર સીસીટીવી કેમેરામાં કેદ



જયેશ પટેલ

સાયણઃ કઠોર-સાયણ રોડને અડીને પૂર્વ વિસ્તારની ધીરજનગર સોસાયટીના મકાનમાં ચોરી કરવાના ઈરાદે મોઢે બુકાની બાંધી આવેલી ચોર ટોળકીને નિષ્ફળતા મળી છે. આ તસ્કરો મકાનની બારી તોડી રહ્યા હતા. ત્યારે મકાન માલિકના પુત્ર અને તેમની પત્ની જાગી જતાં બંનેએ ચોર ચોરનો શોર મચાવતાં ચોરો ચોરી કર્યા વિના ઊભી પૂંછડીએ ભાગી ગયા હતા.

મૂળ ઘલુડીના જનકભાઈ છગનભાઈ પટેલ હાલ સાયણના પૂર્વ વિસ્તારમાં કઠોર જતાં માર્ગને અડીને આવેલી ધીરજનગર સોસાયટીમાં રહે છે. આ સોસાયટીને અડીને ખેતરો આવેલાં છે. જનકભાઈ સાયણ જીન કેમ્પસની ધી અંત્રોલી પારડી કપાસ સહકારી મંડળીના કમિટી સભ્ય પદની સેવા સાથે ખેતી પણ કરે છે. તેઓ હાલમાં નેપાળના વિદેશ પ્રવાસે હોવાથી તેમના ઘરમાં પુત્ર દર્શન અને પુત્રવધૂ પ્રિયંકાબેન એકલાં જ હતાં. તેમના મકાનમાં ચોરી કરવાના ઈરાદે શુક્રવાર, તા.૧૯ની મધરાત્રે ૧:૩૦ કલાકે ખેતરાડી રસ્તેથી ૭થી વધુ શખ્સની ચોર ટોળકી મોઢે બુકાની બાંધીને આવી હતી. ૨ ચોરો બાજુના મકાનના પાર્કિંગમાં ઘૂસ્યા હતા અને બાઈકની ચોરી કરવાના ઈરાદે સ્ટીયરિંગ લોક તોડવાની તજવીજ હાથ ધરી હતી. જ્યારે બાકીના ચોરો જનકભાઈના મકાનમાં ઘૂસવા માટે સાથે લાવેલાં સાધનોથી બારી તોડવાની શરૂઆત કરી હતી. દરમિયાન અવાજ સાંભળી પુત્ર દર્શન અને તેમની પત્ની પ્રિયંકાબેન જાગી જતાં તેઓએ ઘરમાંથી તમે કોણ છો? અને ચોર-ચોરનો શોર મચાવતાં આ તસ્કરો ચોરી કર્યા વિના ફરી ખેતરાડી રસ્તેથી ભાગી જવામાં સફળ થયા હતા. જ્યારે ચોર-ચોરની બૂમોથી સોસાયટીના રહીશો એકત્ર થઈ ગયા હતા અને સાયણ આ.પો. ચોકીમાં જાણ કરી હતી. જેથી ઘટના સ્થળે આવેલી પોલીસે સોસાયટીના કેટલાક રહીશો સાથે ખેતરાડી રસ્તે ભાગી છૂટેલા ચોરોને શોધવા પ્રયાસ કરવા છતાં સફળતા મળી ન હતી. જો કે, આ બુકાનીધારી તસ્કરો મકાનનાં સીસીટીવી કેમેરાના ફૂટેજમાં કેદ થઈ જતાં પોલીસે ફૂટેજ કબજે લઈ ભાગી છૂટેલા ચોરોની ઓળખ કરવાની તજવીજ હાથ ધરી છે.

## વરેઠમાં શૌચક્રિયા કરવા ગયેલા યુવાન ઉપર દીપડાનો હુમલો

**બંને** હાથમાં દીપડાએ પંજા મારતાં યુવાન ઘાયલ, હોસ્પિટલ ખસેડાયો



હિતેશ પટેલ

માંડવીઃ માંડવીના વરેઠ ગામે શૌચક્રિયા કરવા ગયેલા યુવાન પર અચાનક દીપડાએ હુમલો કર્યો હતો. જેને કારણે યુવાનને ઈજા થતાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ માંડવીના વરેઠ ગામે રહેતો યુવાન છનાભાઈ અરવિંદભાઈ ચૌધરી સવારે શૌચક્રિયા કરવા ઝાડી વિસ્તારમાં ગયો હતો. દરમિયાન દીપડાએ અચાનક હુમલો કરતાં યુવાનના બંને હાથ પર પંજા માર્યા હતા. આથી બૂમાબૂમ કરતાં ફળિયાના લોકો દોડી મદદ દોડી આવ્યા હતા અને તેને તાત્કાલિક પ્રાથમિક સારવાર માટે માંડવી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. આ બાબતે ગામના સરપંચ રૂપસિંગભાઈ ચૌધરીએ વન વિભાગને જાણ કરતાં તાત્કાલિક સ્થળ પર પહોંચી દીપડાને ઝબ્બે કરવા તજવીજ હાથ ધરી હતી.

## ટીચકપુરા પાસે દારૂ ભરેલી કાર ઝડપાઈ

વ્યારાઃ વ્યારાના ટીચકપુરાની સીમમાં તાપી LCBએ બાતમીના આધારે ગત તા.19-12-2025ના રોજ પેટ્રોલિંગ દરમિયાન કાર નં.(GJ 08-CC-5529)ને ઊભી રાખવાનો પ્રયાસ કરતાં ચાલકે ગાડી ઊભી રાખી ન હતી. બાદ પૂરઝડપે હંકારી થોડે દૂર સર્વિસ રોડ પર કાર મૂકી બુટલેગર ભાગી છૂટ્યો હતો. પોલીસે કારમાં તપાસ કરતાં રૂ.5,88,000નો દારૂ મળી આવતાં પોલીસે દારૂ સહિત ક્રેટા કાર મળી કુલ રૂ.13,88,000નો મુદ્દામાલ જપ્ત કરી કારચાલક બુટલેગર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## તસ્કરો ગેલમાંઃ વરજાખણમાં બંધ મકાનમાંથી રૂ.71 હજારની ચોરી

**બસ** ડ્રાઈવર શાળાએ ગયો ને તસ્કરો હાથફેરો કરી ગયા



હિતેશ પટેલ

માંડવીઃ માંડવીના વરજાખણ ગામમાં ધોળા દિવસે એક બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો રૂ.71,500ની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મકાન માલિક ધર્મેન્દ્રસિંહ છત્રસિંહ રાવલજી (ઉં.વ.50) તરસાડા બાર ખાતે આવેલી તપસ્વી વિદ્યાસંકુલમાં બસ ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. તેમની પત્ની રંજનબેન અને બંને સંતાનો પણ એ જ શાળા સાથે સંકળાયેલાં છે. ગુરુવારે પરિવાર દરરોજની જેમ સવારે ઘર બંધ કરી શાળાએ ગયો હતો. આશરે સવારે 9 વાગ્યાથી સાંજે 4 વાગ્યાના સમયગાળામાં તસ્કરોએ બંધ મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ઘરમાં મુકાયેલા કબાટ અને અંદરની તિજોરીના લોક તોડી ચોરીને અંજામ આપ્યો હતો. સાંજે ચારેક વાગ્યે મોટી પુત્રી હેત્વી અને પુત્ર દત્તરાજ શાળાએથી ઘરે પરત ફર્યા ત્યારે ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો. તેમણે તરત જ પિતા ધર્મેન્દ્રસિંહને જાણ કરી હતી. ધર્મેન્દ્રસિંહ અને તેમની પત્ની ઘરે પરત ફર્યા બાદ તપાસ કરતાં તિજોરીમાંથી એક જોડી ચાંદીના સાંકળા રૂ.6,500 બે સોનાની ચેન રૂ.40 હજાર, એક જોડી સોનાની બુટ્ટી રૂ.5 હજાર, બે સોનાના બ્રેસલેટ રૂ.15,000 તેમજ રોકડ રૂ.5,000 મળી કુલ રૂ.71,500ની મત્તા ચોરી થઈ હતી. આ બાબતે પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ આદરી હતી.

## દાંડીથી મોરબીનો શખ્સ સગીરાને ભગાડી ગયો

સાયણઃ ઓલપાડ કાંઠાના દાંડી ગામની સીમમાં મફતલાલ ગ્રુપ કંપનીની માલિકીની સ્ટાન્ડર્ડ સોલ્ટ વર્ક લિ. કંપની આવેલી છે.

આ કંપનીની મજૂર કોલોનીમાં મોરબી જિલ્લાનો એક શ્રમિક પરિવાર ત્યાં રહી મજૂરીકામ કરે છે. આ પરિવારની સગીરા ત્યાં કામ કરતી હતી.

જેને ગત તા.૮ ડિસેમ્બરે રાત્રે ૧૧:૩૦ કલાકે શ્રમિક પરિવારનો વિજય રામજી પરસોંડા (રહે., કોળીવાડ, તા.માળીયા, મિયાણા) લગ્નની લાલચ આપી બદઈરાદો પાર પાડવા અપહરણ કરી ફરાર થઈ ગયો હતો.

આ બાબતે ભોગ બનનાર સગીરાની માતાએ આરોપી વિરુદ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## તાતીથૈયામાં યુવાને ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

પલસાણાઃ પલસાણાના તાતીથૈયામાં ૨૬ વર્ષીય યુવાને પ્રેમિકા સાથે વાત ન થતાં અને મનમાં લાગી આવતાં ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. સુરતના સચિન પાલી ગામમાં રહેતા સુનીલભાઈ રાજેશભાઈ રાઠોડ (ઉં.વ.૨૬)નાં લગ્ન તાતીથૈયા ખાતે રહેતી કુસુમ સાથે નક્કી થયાં હતાં. જો કે, સુનીલભાઈને નશો કરવાની આદત હોવાથી કુસુમ તેમની સાથે ફોન પર વાતચીત કરતી નહોતી. ગત તા.૧૮/૧૨/૨૦૨૫ના રોજ સુનીલ કુસુમને મળવા માટે તાતીથૈયા સ્થિત તેના ઘરે પહોંચ્યો હતો, પરંતુ તે ઘરે હાજર મળી નહોતી. લગ્ન નક્કી થયા હોવા છતાં મનગમતી પાત્ર સાથે વાત ન થતાં અને મુલાકાત ન થતાં સુનીલને મનમાં લાગી આવ્યું હતું. આ હતાશામાં તેણે તાતીથૈયામાં કુસુમના સરકારી આવાસમાં જ ફાંસો ખાઈ પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી. ઘટનાની જાણ થતાં કડોદરા GIDC પોલીસે અ.મોતનો ગુનો નોંધી આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ મિનેશભાઈએ હાથ ધરી છે.

## વાવ પાસે હાઈવે ક્રોસ કરતા આધેડનું મોપેડ અડફેટે મોત

**મજૂરીકામ** કરતા આધેડને હાઇવે ક્રોસ કરતી વેળા બાઇકે ઉડાવ્યો



કામરેજઃ વાવ નજીક મોપેડ સવારે રોડ ક્રોસ કરતાં આધેડને ટક્કર મારતાં તેનું મોત નીપજ્યું હતું.

મૂળ મધ્યપ્રદેશના જાંબવાના નવાગામ ઉદેગંજના વતની અને હાલ સરથાણા જકાતનાકા પાસે વ્રજચોક પાસે રૂપા ચોવન ભુરિયા (ઉં.વ.35) પરિવાર સાથે રહી મજૂરીકામ કરે છે. સાથે જ કામ કરીને બાજુમાં રહેતો મિત્ર નાનજી રમુ આંબલીયા (ઉં.વ.45) (મૂળ રહે.,જોહલી, જિ.જાંબવા, મધ્યપ્રદેશ) પણ પરિવાર સાથે રહેતો હતો. બંને મિત્રો બાઈક નં.(એમપી 45 ઝેડએચ 3098) લઈને કામરેજના વાવ ગામની હદમાં અલંકાર સોસાયટીમાં મિશન રોડ પાસે બાંધકામના સ્લેબ ભરવાના મજૂરીકામ માટે ગયા હતાં. સાંજે 6 કલાકે કામ પૂરું થઈ જતાં ઘરે જવા માટે નીકળ્યા હતા. ત્યારે વાવ ગામની હદમાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નં.48 પર દુકાન પર સામાન લેવા માટે ઊભા રહ્યા હતા. હાઈવે ક્રોસ કરી જતાં અમદાવાદ-મુંબઈ ને.હા.નં.48 પર મોપેડ ચાલકે નાનજીને ટક્કર મારી પોતે પણ પડી ગયો હતો. આ બનાવમાં નાનજીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ અંગે કામરેજ પોલીસે મોપેડ ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મોડી સાંજે મોપેડ ચાલકની પણ પોલીસે ધરપકડ કરી લીધી હતી.

## માંડવી પોલીસે ગોગો સ્મોકિંગ કોન, રોલિંગ પેપર સાથે એકની ધરપકડ કરી



હિતેશ પટેલ

માંડવીઃ રાજ્યમાં સગીરો અને યુવાનો દ્વારા ચરસ, ગાંજા જેવા નશાઓના સેવન માટે રોલિંગ પેપર, ગોગો સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલ જેવી વસ્તુઓનો ઉપયોગ થાય છે. ત્યારે ગૃહ વિભાગ દ્વારા આવા રોલિંગ પેપર, ગોગો સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલના વેચાણ પર પ્રતિબંધ મકતું જાહેરનામું બહાર પાડ્યું હતું. સુરત ગ્રામ્ય જિલ્લામાં 'NO Drugs in Gujarat' અને નશામુક્ત ગુજરાત અભિયાનને સાર્થક બનાવવા માટે વિવિધ દુકાનદારો અને પાનના ગલ્લાઓ પર તપાસ કરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

આ સૂચનાના આધારે માંડવી પોલીસ તંત્રના પીઆઇ સી.બી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો બનાવી પાનના પાર્લર, ગલ્લા અને દુકાનોની તપાસ હાથ ધરવામાં આવી હતી, જેના પરિણામે કરંજથી એકની ધરપકડકરાઈ હતી.


Muthoot Homefin

Muthoot Homefin (India) Ltd.

CIN - U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ પાસે, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
શાખા ઓફિસઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 503, સેફાયર બિઝનેસ હબ, એલપી સવાણી રોડ, મધુવન સર્કલ પાસે, અડાજણ, સુરત, ગુજરાત- 395009

પરિશિષ્ટ-IV-A[નિયમ 8(6)ની જોગવાઈ જુઓ]

**પ્રાઇવેટ ટ્રીટી કમ વેચાણ માટે જાહેર નોટિસ**

મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નાણાકીય સંપત્તિના સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ અને અમલીકરણ હેઠળ અહીં ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિનો કબજો લેવાના સંદર્ભમાં સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ, ઉધાર લેનારા/ઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે, નીચે સહી કરનાર દ્વારા સીલબંધ કવરમાં સ્થાવર મિલકત ખરીદવા માટે ઓફર મંગાવવામાં આવે છે, જે અહીં વર્ણવ્યા મુજબ, 'જ્યાં છે ત્યાં', 'જેમ છે તેમ' અને 'જે કંઈ છે તે'ના આધારે', જેની વિગતો નીચે આપેલ છેઃ-

| ક્રમ નં. | ઋણ લેનારાઓ/સહ ઋણ લેનારાઓ/ ગેરેન્ટર/ લોન એકાઉન્ટ નંબર/શાખા | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું સરનામુ | અનામત કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD RPના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | રોશનલાલ રામસેવક મિશ્રા/ નગીના રામસેવક મિશ્રા/ 004-00404600/સુરત | 20 જુલાઇ 2023/ રૂ.7,74,083/- સાત લાખ ચુમોતેર હજાર ત્યાંશી રૂપિયા પુરા | પ્લોટ નં. 32, ઓમ સાઇ રેસિડન્સી, સાઇ શ્રદ્ધા નજીક, સ્યાદલા, ઓલપાડ સુરત ગુજરાત-395003 | રૂ. 6,96,012/- છ લાખ છન્નુ હજાર બાર રૂપિયા પુરા | રૂ. 69,601/- ઓગણોસિત્તેર હજાર છસો એક રૂપિયા પુરા |
| 2. | ધર્મેન્દ્ર મજ્ઞુ ચૌધરી/ બબીતાદેવી ધર્મેન્દ્ર ચૌધરી/ 004-00403972/સુરત | 20 માર્ચ 2025/ રૂ. 10,68,959/- દસ લાખ અડસઠ હજાર નવસો ઓગણસાઠ રૂપિયા પુરા | ફ્લેટ નં.508 પાંચમો માળ હરીદર્શન રેસિડન્સી, સાઇ દર્શન રેસિડન્સી, સુરત બારડોલી હાઇવે, સુરત, સુરત, ગુજરાત-394327. સીમાઓ ઉત્તર : સંલગ્ન પ્લોટ નં.8,19, દક્ષિણ સંલગ્ન બ્લોક નં. 120, પૂર્વ સંલગ્ન રોડ, પશ્ચીમ સંલગ્ન સોસાયટીનો આંતરિક રોડ | રૂ. 5,25,800/- પાંચ લાખ પચ્ચીસ હજાર આઠસો રૂપિયા પૂરા | રૂ. 52,580/- બાવન હજાર પાંચસો એંસી રૂપિયા પુરા |
| 3. | દિલીપ દેવીદાસ ભોઇ/ સીતા દિલીપ ભોઇ/ 004-004033766/ સુરત | 20 માર્ચ 2025/ રૂ. 6,78,216/- છ લાખ ઉઠોતેર હજાર બસો સોળ રૂપિયા પુરા | ફ્લેટ નં. એ-402, હરિકૃષ્ણા પેલેસ શિવમ રેસિડન્સી, સુરત બારડોલી રોડ પર, કડોદરા, પલસાણા સુરત-394327. સીમાઓ ઉત્તરઃ સંલગ્ન ફ્લેટ નં. એ-401, દક્ષિણઃ સંલગ્ન ફ્લેટ નં. એ-403, પૂર્વઃ સંલગ્ન બિલ્ડીંગ, પશ્ચિમઃ સંલગ્ન ફ્લેટ નં. એ-405 | રૂ. 3,59.100/- ત્રણ લાખ ઓગણસાઠ હજાર એકસો રૂપિયા પુરા | રૂ. 35,910/- પાત્રીસ હજાર નવસો દસ રૂપિયા પુરા |
| 4. | જયંતિભાઇ જાદવભાઇ કાચા/ હેતલબેન જયંતિભાઇ કાચા/ 004-00405280/સુરત | 21 માર્ચ 2025/ રૂ. 16,45,153/- સોળ લાખ પિસ્તાલીસ હજાર એકસો ત્રેપન રૂપિયા પુરા | ફ્લેટ નં. 103, પહેલો માળ, સુકુન રેસિડન્સી-2, રામનગર, સુરત બારડોલી હાઇવે પર, અંત્રોલી, પલસાણા, સુરત. સર્વે નં. આર.એસ. નં. 1-3, 5, 7, 11-15, બ્લોક નં. 1, જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પીનકોડ-394325. ઉત્તર આંતરિક રોડ, દક્ષિણ શિવાંગી રેસિડન્સી, પૂર્વ આંતરિક રોડ, પશ્ચિમ સુકુન-1 | રૂ. 6,18,150/- છ લાખ અઢાર હજાર એકસો પચાસ રૂપિયા પુરા | રૂ. 61,815/- એકસઠ હજાર આઠસો પંદર રૂપિયા પુરા |
| 5. | કમલેશકુમાર શ્રીગોકર્ણ મિશ્રા/ તૃપ્તિ કમલેશકુમાર મિશ્રા/ 004-00405177/સુરત | 21 માર્ચ 2025/ રૂ. 6,94,136/- છ લાખ ચોરાણુ હજાર એકસો છત્રીસ રૂપિયા પુરા | ફ્લેટ નં. 408 ચોથો માળ, સાઇ શ્રદ્ધા વલ્લભનગર, સુરત કડોદરા રોડ પર, બ્લ્યુ ડેલ સ્કૂલ નજીક, વરેલી સુરત ગુજરાત-394140 સબ રજિસ્ટ્રાર પલસાણાની ઓફિસમાં તારીખ 11/06/2018ના રોજ નોંધાયેલા વેચાણ દસ્તાવેજ નં.12845-2018માં વધુ સ્પષ્ટ રીતે ઉલ્લેખીત સીમાઓ ઉત્તર - સંલગ્ન સોસાયટી રોડ, દક્ષિણ - સંલગ્ન બ્લોક નં. 185, પૂર્વ સંલગ્ન પ્લોટ નં. 205થી 208, પશ્ચિમ સોસાયટી રોડ | રૂ. 4,64,840/- ચાર લાખ ચોસઠ હજાર આઠસો ચાલીસ રૂપિયા પુરા | રૂ. 46,484/- છેતાલીસ હજાર ચારસો ચોર્યાસી રૂપિયા પુરા |
| 6. | નવીન છગનભાઇ પટેલ/કલાબેન નવીનભાઇ પટેલ/ 004-00403418/સુરત | 20 માર્ચ 2025/ રૂ. 11,32,074/- અગિયાર લાખ બત્રીસ હજાર ચુમોતેર રૂપિયા પુરા | ફ્લેટ નં. 410 ચોથો માળ., પ્લોટ નં. 17થી 22, બ્લોક નં. 183, 184, બિલ્ડીંગ નં. એ, સત્યમ રેસિડન્સી, સુરત બારડોલી હાઇવે જોળવા પલસાણા સુરત સુરત-ગુજરાત -394310 સીમાઓ ઉત્તર - સોસાયટી રોડ, દક્ષિણ - સંલગ્ન અન્ય પ્લોટ, પૂર્વ સંલગ્ન પ્લોટ નં. 17, પશ્ચિમ સંલગ્ન બિલ્ડીંગ નં. બી | રૂ. 4,95,093/- ચાર લાખ પંચાણુ હજાર ત્રાણુ રૂપિયા પુરા | રૂ. 49,509/- ઓગણપચાસ હજાર પાંચસો નવ રૂપિયા પુરા |
| 7. | રમેશભાઇ અર્જુનભાઇ વિશ્વકર્મા/ કિરણબેન રમેશ વિશ્વકર્મા/ 004-00403780/સુરત | 21 માર્ચ 2025/ રૂ. 6,52,253/- છ લાખ બાવન હજાર બસો ત્રેપન રૂપિયા પુરા | ફ્લેટ નં. એ-202, બીજો માળ, શિવ કમલ રેસિડન્સી, સુરત બારડોલી રોડ પર જોળવા, પલસાણા, સુરત સુરત ગુજરાત 394310 નિદર્શન ઉત્તર- ફ્લેટ નં. 203, દક્ષિણ- સંલગ્ન બિલ્ડીંગ નં. બી, પૂર્વ ફ્લેટ નં. 201, પશ્ચિમ- સોસાયટી રોડ | રૂ. 6,30,975/- છ લાખ ત્રીસ હજાર નવસો પંચોતેર રૂપિયા પુરા | રૂ. 63,097/- ત્રેસઠ હજાર સત્તાણુ રૂપિયા પુરા |
| 8. | સાહેબરાવ શંકરરાવ દેશમુખ/રવિકાંત સાહેબરાવ સાળુંકે/ 004-00402537/સુરત | 20 માર્ચ 2025/ રૂ. 12,44,027/- બાર લાખ ચુમાલીસ હજાર સત્તાવીસ રૂપિયા પુરા | ફ્લેટ નં.એ-106, પહેલો માળ, સત્યમ રેસિડન્સી, વિંગ-એ, સુરત બારડોલી રોડ પર, સાહિબા મિલ સામે, જોળવા, પલસાણા, ગુજરાત 394310. સબ રજિસ્ટ્રાર પલસાણાની ઓફિસમાં તારીખ 07 ફેબ્રુઆરી 18ના રોજ નોંધાયેલા વેચાણ દસ્તાવેજ નં.2419-2018માં વધુ સ્પષ્ટ રીતે ઉલ્લેખીત સીમાઓ ઉત્તર - સોસાયટી રોડ, દક્ષિણ -અન્ય પ્લોટ, પૂર્વ પ્લોટ નં. 17ની મિલકત, પશ્ચિમ બિલ્ડીંગ નં.બી | રૂ. 3,66,900/- ત્રણ લાખ છાંસઠ હજાર નવસો રૂપિયા પુરા | રૂ. 36,690/- છત્રીસ હજાર છસો નેવુ રૂપિયા પુરા |
| 9. | સુરેશ કારભારી ખંભાલે/આરતી સુરેશ કાંબલે/ 004-00405535/સુરત | 11 ડિસેમ્બર 2024/ રૂ. 5,81,019/- પાંચ લાખ એકયાંશી હજાર ઓગણીસ રૂપિયા પુરા | ફ્લેટ નં. 403, ચોથો માળ, શ્રી નીલકંઠ પેલેસ, આર.એસ. નં. 93/1 બ્લોક નં. 121, સાઇ દર્શન રેસિડન્સી, સુરત બારડોલી રોડ પર, બગુમરા, પલસાણા, સુરત, જીઇઓ કો-ઓર્ડિનેટ્સ 21.160565, 73.006011, લેન્ડમાર્ક સાઇ દર્શન રેસિડન્સી, સુરત-બારડોલી પર, જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પીનકોડ 395305 | રૂ. 4,15,800/- ચાર લાખ પંદર હજાર આઠસો રૂપિયા પુરા | રૂ. 41,580/- એકતાલીસ હજાક પાંચસો એંસી રૂપિયા પુરા |
| 10. | કલ્લા પારસિંગ ડામોર/ વર્દુ કલ્લા ડામોર/ 004-00402873/સુરત | 20 મે 2025/ રૂ. 6,87.217/- છ લાખ સત્યાંશી હજાર બસો સત્તર રૂપિયા પુરા | ફ્લેટ નં, એ 503, પાંચમો માળ, મહાલક્ષ્મી રેસિડન્સી, વિંગ-એ, યોગીદર્શન સોસાયટી, એસ.ડી જૈન સ્કુલની પાછળ, હાઇવે નં. 8. સુરત-મુંબઇ હાઇવે, પલસાણા, સુરત સર્વે નં. આર.એસ નં. 525, બ્લોક નં. 526/પી, લેન્ડમાર્ક એસ.ડી જૈન સ્કુલની પાછળ હાઇવે નં. 08. જિલ્લો સુરત, રાજ્ય ગુજરાત, પિનકોડ 394315, નિદર્શન ઉત્તર- ખુલ્લો પ્લોટ, દક્ષિણ-વિંગ-એ, પૂર્વ-સંલગ્ન સોસાયટી રોડ, પશ્ચિમ- સંલગ્ન સોસાયટી રોડ | રૂ. 5,37,468/- પાંચ લાખ સાડત્રીસ હજાર ચારસો અડસઠ રૂપિયા પુરા | રૂ. 53,746/- તેપ્પન હજાર સાતસો છેતાલીસ રૂપિયા પુરા |

1. હરાજી "જ્યાં છે ત્યાં" અને "જેમ છે તેમ"ના ધોરણે યોજાઈ રહી છે.
2. હરાજીથી વેચાણના વિગતવાર નિયમો અને શરતો ઉપરોક્ત પ્રાદેશિક કચેરી ખાતે ઉપલબ્ધ નિયત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ છે.
3. 'મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ'ના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર EMD સાથે અને કેવાયસી સાથે નિયત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બિડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ 22 જાન્યુઆરી- 2026ના રોજ બપોરે 04:00 વાગ્યા સુધી પ્રાદેશિક કચેરી ખાતે ઉપર દર્શાવેલ સરનામે છે. જે ટેન્ડર સંપૂર્ણપણે ભરેલા નથી અથવા છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થયેલા ટેન્ડરોને અમાન્ય ટેન્ડર ગણવામાં આવશે અને તે મુજબ તેને રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતના નિરીક્ષણની તારીખ 21-જાન્યુઆરી-2026ના રોજ બપોરે ૦૧:૦૦ વાગ્યાથી શરૂ કરીને બપોરે 03:00 વાગ્યા સુધી છે.
5. મિલકત માટે બિડ/ઓફર હરાજી ખોલવાની તારીખ 23-જાન્યુઆરી-2026 બપોરે 01:00 વાગ્યે ઉપરોક્ત શાખા કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારી દ્વારા.
6. MHIL કોઈપણ બાકી કાનૂની નોટિસ અને બોજો/કર બાકી હોય તો વગેરેની ચુકવણી માટે જવાબદાર રહેશે નહીં અને જો કોઈ હોય તો, રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઇચ્છુક બોલીકારે મિલકતના બોજો ટાઇટલ અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ અને ખુદ નિરીક્ષણ કરીને સંતુષ્ટ થવું જોઈએ.
7. સૌથી વધુ બોલીકાર MHIL લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વિના પ્રાપ્ત થયેલી કોઈપણ ઓફર/બિડ સ્વીકારવાનો અધિકાર અનામત રાખશે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. ઋણ લેનાર/જામીનદારોને સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ ૧૫ દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે કે તેઓ હરાજીની તારીખ પહેલાં ઉપરોક્ત રકમ ચૂકવી દે, નહીંતર સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો ઋણ લેનાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડને બાકી રકમ, વેચાણની તારીખ પહેલાં સંપૂર્ણ ચૂકવી દે છે તો હરાજી રદ કરવામાં આવશે.

વધુ વિગતો માટે, ઉપરોક્ત કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ- અમર પાટીલ - 9737057744

તારીખઃ 20 ડિસેમ્બર, 2025
સ્થળઃ સુરત

એસડી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ